# ***<u>ટેન્ડર નોટીસ</u>***

***<u>જીલ્લા અદાલત, ભરૂચ તથા ભરૂચ જીલ્લાની તાલુકા કોર્ટમાં કુલ - ૨૦ (ગુજરાતી - ૦૮) અને અંગ્રેજી - ૧૨) હંગામી સ્ટેનોગ્રાફરની સેવા પુરી પાડવા અંગે.</u>***

જીલ્લા અદાલત, ભરૂચ કોર્ટ તથા ભરૂચ જીલ્લાની તમામ તાલુકા કોર્ટ (જે ને હવે પછી કચેરી તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) માટે **કુલ - ૨૦ (ગુજરાતી - ૦૮) અને અંગ્રેજી - ૧૨) ગુજરાતી/અંગ્રેજી સ્ટેનોગ્રાફરની સેવા તારીખ :- ૦૧/૦૨/૨૦૨૫ થી તારીખ :- ૩૧/૦૧/૨૦૨૬ સુધી ૧૧ (અગિયાર) માસ અથવા ના.હાઇકોર્ટ દ્વારા કાયમી નિમણૂંક ન કરે ત્યા સુધી (બે માંથી જે વહેલા હોય તે)** રસ ધરાવતી રજીસ્ટર્ડ સંસ્થાઓ/મંડળીઓ(જે ને હવે પછી એજન્સી તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) કે જેનો અનુભવ ૫ વર્ષ થી ઓછો ન હોય તેવા અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સી વિગેરે પાસેથી GeM Protal પર બીડ મારફતે ઓનલાઇન ટેન્ડરો મંગાવવામાં આવે છે.

ટેન્ડરને લગતી વીગતો, સુચનાઓ, શરતો વિગેરે https://gem.gov.in વેબસાઇટ પરથી ડાઉનલોડ કરી શકાશે. ટેન્ડર ભરનાર સંસ્થાએ ભાવ, પૂર્વ લાયકાતને લગતા દસ્તાવેજો વિગેરે વિગતો **તા.૦૪-૦૧-૨૦૨૫** ના પહેલા GeM પોર્ટલ પર અપલોડ કરવાની રહેશે.

બીડને લગતા કોઇ પણ સુધારા વધારા ની માહીતી જીલ્લા અદાલત, ભરૂચના વેબસાઇટ (https://bharuch.dcourts.gov.in/) ઉપર પ્રસિધ્ધ કરવામાં આવશે.

જીલ્લા અદાલત, ભરૂચને આ ટેન્ડર મંજુર કર્યા પહેલા બીડમાં કોઇ પણ પ્રકારના સુધારા વધારા કરવાની સત્તા રહેશે. એકે કે તમામ ટેન્ડર મંજુર/નામંજુર કરવા અંગેનો કમીટી તથા જિલ્લા ન્યાયાધિશશ્રીનો નિર્ણય આખરી નિર્ણય રહેશે. નામંજુર કરેલ ટેન્ડર સબંધમાં કોઇ પત્ર વ્યવહાર કરવામાં આવશે નહી.

ઇચ્છા ધરાવતી એજન્સીઓ દ્વારા આ કચેરીની મુલાકાત તા.૦૫/૦૧/૨૦૨૫. સાંજે ૪.૦૦ કલાકે રૂમ નંબર-૬૭, નાઝર શાખા, કોર્ટ બિલ્ડીંગ, ભરૂચ મુકામે લઇ શકાશે. તે ઉપરાંત સ્થાનીક સ્થળ પરિસ્થિતિની જાણ તથા કામનો પ્રકાર, જરૂરીયાત, કચેરીની સ્થિતિ વગેરેથી માહિતગાર થઇ શકશે.

જિલ્લા ન્યાયાલય,ભરૂચ.
તા.૦૩ -૦૧-૨૦૨૫

મુખ્ય જિલ્લા ન્યાયાધિશ,
ભરૂચ.

# ટેન્ડર નોટીસ

| | | |
|---|---|---|
| ૧ | કામનો પ્રકાર | જીલ્લા અદાલત, ભરૂચ તથા ભરૂચ જીલ્લાની તાલુકા કોર્ટમાં કુલ - ૨૦ (ગુજરાતી - ૦૮) અને અંગ્રેજી - ૧૨) હંગામી સ્ટેનોગ્રાફરની સેવા **તારીખ :- ૦૧/૦૨/૨૦૨૫ થી તારીખ :- ૩૧/૦૧/૨૦૨૬ સુધી ૧૧ (અગિયાર) માસ અથવા ના.હાઇકોર્ટ દ્વારા કાયમી નિમણૂંક ન કરે ત્યા સુધી (બે માંથી જે વહેલા હોય તે)** પુરી પાડવા બાબત |
| ૨ | ટેન્ડર મેળવવાની વેબસાઇડ | **https://gem.gov.in** |
| ૩ | કામ અંગેની માહીતી | મિનીમન વેજીસ (સ્કિલ્ડ કેટેગરી) થી જીલ્લા અદાલત, ભરૂચ તથા ભરૂચ જીલ્લાની તાલુકા કોર્ટમાં જીલ્લા અદાલત, ભરૂચ તથા ભરૂચ જીલ્લાની તાલુકા કોર્ટમાં કુલ - ૨૦ (ગુજરાતી - ૦૮) અને અંગ્રેજી - ૧૨) હંગામી સ્ટેનોગ્રાફર(ગ્રેડ-૩) ની સેવા પુરી પાડવા અંગે. |
| ૪ | અર્નેસ્ટ મની ડીપોઝીટ<br>(ટેન્ડર પ્રકિયા પૂરી થયા બાદ મળવાપાત્ર રહેશે) | **બેન્ક એકાઉન્ટ નામ : 1201 - SESSION JUDGE - BHARUCH**<br>**એકાઉન્ટ નબર : 12430200000785**<br>**બેન્કનું નામ : BANK OF BARODA**<br>**આઇ.એફ.એસ.સી.કોડ : BARB0STABRO**<br>રૂ.૫૦,૦૦૦/- **(ફકત ઓન-લાઇન જ જમા કરાવવા)** |
| ૫ | અર્નેસ્ટ મની ડીપોઝીટ જમા કરાવવાની તારીખ | તા.૧૪/૦૧/૨૦૨૫ ના બપોરે ૨.૦૦ વાગ્યા સુધી |
| ૬ | સીકયોરીટી ડીપોઝીટ | સિકયોરીટી ડીપોઝીટની રકમ રૂ.૧,૨૫,૦૦૦/- ક્રમ નંબર :- ૦૪ માં જણાવેલ એકાઉન્ટમાં જમા કરાવવાની રહેશે. |
| ૭ | સમયગાળો | **૧૧ માસ અથવા ના.હાઇકોર્ટ દ્વારા કાયમી નિમણૂંક ન કરે ત્યા સુધી (બે માંથી જે વહેલા હોય તે)** |

જિલ્લા ન્યાયાલય,ભરૂચ.
તા.૦૩-૦૧-૨૦૨૫

મુખ્ય જિલ્લા ન્યાયાધિશ,
ભરૂચ.

**જીલ્લા અદાલત, ભરૂચ તથા ભરૂચ જીલ્લાની તાલુકા કોર્ટમાં કુલ - ૨૦ (ગુજરાતી - ૦૮) અને અંગ્રેજી - ૧૨) હંગામી સ્ટેનોગ્રાફરની સેવા તારીખ :- ૦૧/૦૨/૨૦૨૫ થી તારીખ :- ૩૧/૦૧/૨૦૨૬ સુધી ૧૧ (અગિયાર) માસ અથવા ના.હાઇકોર્ટ દ્વારા કાયમી નિમણૂંક ન કરે ત્યા સુધી (બે માંથી જે વહેલા હોય તે) પુરી પાડવા અંગેની અગત્યની સુચનાઓ.**

**(૧)** એજન્સી દ્વારા ફરજીયાત ઇ.એમ.ડી. ની રકમ પેટે રૂ.૫૦,૦૦૦/- (અંકે રૂપિયા પચાસ હજાર પુરા) ટેન્ડર ભરતા સમયે ડિસ્ટ્રીકટ કોર્ટ, ભરૂચનાં નીચે જણાવેલ એકાઉન્ટમાં આર.ટી.જી.એસ.થી જમા કરાવવાનાં રહેશે, જે ઇ.એમ.ડી.ની રકમ રીફંડેબલ રહેશે, ઇ.એમ.ડી.ની રકમ જમા નહિ કરાવનાર એજન્સીની બિડની ધ્યાને લેવામાં આવશે નહિ.

| | | |
|---|---|---|
| **બેન્ક એકાઉન્ટ નામ** | **:** | **1201 - SESSION JUDGE - BHARUCH** |
| **એકાઉન્ટ નબર** | **:** | **12430200000785** |
| **બેન્કનું નામ** | **:** | **BANK OF BARODA** |
| **આઇ.એફ.એસ.સી.કોડ** | **:** | **BARB0STABRO** |

**(૨)** સિકયોરીટી ડીપોઝીટની રકમ વાર્ષિક ૧,૨૫,૦૦૦/- જમા કરવવાની રહેશે. સિકયોરીટી ડિપોઝીટની રકમ કરારની મુદત પુર્ણ થયાના એક મહિના બાદ કામગીરી સંતોષકારક જણાયે અને બીલ સરભર થયે એજન્સીને પરત ચુકવવામાં આવશે. સિકયોરીટી ડિપોઝીટની રકમ ઉપર કોઇપણ પ્રકારનું વ્યાજ સંસ્થાને મળવાપાત્ર થશે નહી તથા તે અંગેની કોઇ પણ જવાબદારી અત્રેની કચેરીની રહેશે નહી. જો એજન્સીના કસૂરના કારણે ટેન્ડર રદ થાય તો સીકયોરીટીની ડિપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે.

**(3)** GeM પોર્ટલ પર ટેન્ડર ભરનાર સંસ્થાએ પોતાના ભાવો, પૂર્વ લાયકાતને લગત દસ્તાવેજો ઓન લાઇન અપલોડ કરવાના રહેશે અને ફીઝીકલ પત્ર વ્યવહાર કે દસ્તાવેજો અત્રેની કચેરીને મોકલવાના રહેશે નહી. ટેન્ડરને લગતી તમામ પ્રક્રિયા કમીટી સમક્ષ કરવામાં આવશે તેમજ ટેન્ડરની પ્રક્રિયાને લગતા તમામ નિર્ણયો કમીટી દ્વારા લેવામાં આવશે જે નિર્ણય ટેન્ડર ભરનાર તમામ સંસ્થાઓએ માન્ય રાખવાનો રહેશે. ટેન્ડર અપલોડ કરવામાં કોઇ તકલીફ જણાઇ તે જવાબદારી અત્રેની કચેરીની રહેશે નહી જેના કારણે ટેન્ડર મુદત વધારવામાં આવશે નહી કે પત્ર વ્યવહાર ધ્યાને લેવામાં આવશે નહી.

**(૪)** સંસ્થા/એજન્સી દ્વારા કામકાજની જરૂરીયાત અંગે કે કોઇપણ પ્રકારની પૃચ્છા/જાણકારી માંગવામાં આવેતો અત્રેની કચેરી દ્વારા આપવામાં આવશે. ઇચ્છા ધરાવતી એજન્સીઓ સંબધીત કચેરીની મુલાકાત લઇ અને સ્થાનીક સ્થળ પરિસ્થિતિથી તથા કામનો પ્રકાર, જરૂરીયાત, કચેરીની

સ્થિતિ વગેરેથી સુમાહિતગાર થઇ શકશે અને સુવિધા વ્યવસ્થાપન માટે માણસો અંદાજ ટેન્ડર ભરતાં પહેલા મેળવી શકાશે. જે તા.૨૦/૧૨/૨૦૨૪ સાંજે ૪ કલાકે રૂમ નંબર-૬૭, નાઝર શાખા, કોર્ટ બિલ્ડીંગ, જીલ્લા અદાલત, ભરૂચ મુકામે થી જરૂરી માહીતી મેળવી શકશે.

**(૫)** ગુજરાતી/અંગ્રેજી સ્ટેનોગ્રાફરની વિવિધ જગ્યાએ જરૂરીયાત મુજબનાં સ્થળની વિગત નીચે મુજબ છે.

| ક્રમ નં. | સ્થળ | ગુજરાતી/અંગ્રેજી સ્ટેનોગ્રાફરની સંખ્યા (ગ્રેડ - ૦૩) |
|---|---|---|
| ૧ | જીલ્લા અદાલત, ભરૂચ તથા ભરૂચ જીલ્લાની તાલુકા કોર્ટ | **૨૦**<br>(ગુજરાતી - ૦૮)<br>(અંગ્રેજી - ૧૨) |

**(૬)** ભરેલા ટેન્ડરો સ્વીકારવા/ન સ્વીકારવાનો નિર્ણય લેવાનો કમીટીને અબાધીત અધિકાર રહેશે.

**(૭)** GeM પોર્ટલ ઉપર બીડ ઓપન કરતા તેની ચકાસણી સંબધીત કમીટી દ્વારા કરવામાં આવશે અને કમીટી દ્વારા મંજુર કરેલ બીડ માન્ય ગણવામાં આવશે.

**(૮)** જે એજન્સી ટેકનીકલ બીડમાં ડિસ્કોલીફાઇ થશે તે આગળની કાર્યવાહીમાં ભાગ લઇ શકશે નહી.

**(૯)** GeM પોર્ટલ ઉપર કમીટી દ્વારા માન્ય કરેલ સંસ્થાને આગળની કાર્યવાહી માટે રૂબરુ બોલાવી શકાશે.

DISTRICT SESSIONS COURT * BHARUCH * सत्यमेव जयते

## ***જિલ્લા અદાલત, ભરૂચ અને ભરૂચ જિલ્લાની તાલુકા-કોર્ટ માટે કુલ - ૨૦ (ગુજરાતી - ૦૮) અને અંગ્રેજી - ૧૨) હંગામી સ્ટેનોગ્રાફરની સેવા મેળવવા માટેની કોન્ટ્રાકટની શરતો :-***

### (A) રજીસ્ટ્રેશન ફી, ડીપોઝીટ, લાયસન્સ ફી વિગેરે :-

**(૧)** એજન્સીએ કરાર અંગેની સ્ટેમ્પ ડયુટી અંગેનો ખર્ચ ભોગવવાનો રહેશે.

**(૨)** જે સંસ્થા GeM પોર્ટલ પર બીડની પ્રકિયા પૂર્ણ થયા બાદ સીલેકટ થયેલ હોય અને ૧ અઠવાડીયામાં કોન્ટ્રાકટ રજુ નહી કરે તો તેની અર્નેસ્ટ મની ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે.

**(3)** જે સંસ્થા સાથે કોન્ટ્રાકટ કરવામાં આવે અને ૧(એક) અઠવાડીયા બાદ પણ જો સંસ્થા તરફથી કામગીરી શરૂ કરવામાં ન આવે તો અર્નેસ્ટ મની ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે.

**(૪)** જે એજન્સીની બીડ મંજુર થાય તે સીવાયની એજન્સીની અર્નેસ્ટ મની ડીપોઝીટનો ડી.ડી. કોઇ પણ પ્રકારના વ્યાજ વગર ટેન્ડર પ્રકિયા પૂર્ણ થયાના ૧૫ દિવસમાં પરત કરવામાં આવશે.

**(૫)** એજન્સીએ સિકયોરીટી ડીપોઝીટની રકમ વાર્ષિક ૧,૨૫,૦૦૦/- જમા કરવવાની રહેશે નાઝર શાખા, જિલ્લા અદાલત, ભરૂચ ખાતે દિન-૭માં જમા કરાવવાના રહેશે.

**(૬)** જો પંસદગી પામેલ એજન્સી સીકયોરીટી ડીપોઝીટની રકમ ટેન્ડર મુજબ જમા ન કરાવે તો અર્નેસ્ટ મની ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે.

**(૭)** GeM પોર્ટલ ઉપર ટેન્ડર સંબધેના એજન્સી દ્વારા અપલોડ કરેલ દસ્તાવેજો **ચેકલીસ્ટ (ફોર્મ-એ અને સી)** વગરના અથવા ટેન્ડરમાં જણાવ્યા મુજબ ન હોય તો સદરહુ સંસ્થાને ડિસ્કર્વાલીફાઇ કરવાની સત્તા અત્રેની કચેરીને રહેશે.

**(૮)** એજન્સી દ્વારા રોકવામાં આવનાર બહેનો/ભાઇઓના પી.એફ. કે અન્ય કપાતો અંગેની સઘળી જવાબદારી જે તે એજન્સીની રહેશે.

**(૯)** એજન્સીએ ગુજરાતી/અંગ્રેજી સ્ટેનોગ્રાફરની સેવા બાબતના તમામ પ્રકારના કાયદાઓ-લેબર કાયદા સહીતનુ, પાલન કરવાનુ રહેશે તથા તેને અનુસરવાનુ રહેશે. આ અંગે કોઇ દાવો સરકારશ્રીમાં થઇ શકશે નહી, તેમજ આ અંગેના જે કોઇ પ્રશ્નો ભવિષ્યમાં ઉપસ્થિત થશે તેની જવાબદારી એજન્સીની રહેશે.

**(૧૦)** એજન્સીએ ગુજરાતી/અંગ્રેજી સ્ટેનોગ્રાફરની સેવા બાબતના તમામ પ્રકારના કાયદાઓ-લેબર કાયદા સહીતનુ, ધ્યાન રાખવુ તથા તેને અનુસરવાનુ રહેશે. આ અંગે કોઇ દાવો સરકારશ્રીમાં થઇ શકશે નહી, તેમજ આ અંગેના જે કોઇ પ્રશ્નો ભવિષ્યમાં ઉપસ્થિત થશે તેની જવાબદારી એજન્સીની રહેશે.

**(૧૧)** કોન્ટ્રાકટરે કોન્ટ્રાકટ અન્વયે રાખેલ કર્મચારીઓનું પેમેન્ટ લઘુત્તમ વેતન ધારો જે તે સમયમાં અમલમાં હોય તથા મજુર અધિનિયમ, ૧૯૭૦ અને ૧૯૭૨ મુજબ ચુકવવાનું રહેશે અને ઇ.એસ.આઇ., પી.એફ. વગેરે નોકરીને લગતા અન્ય કાયદાઓનું ગુજરાતી/અંગ્રેજી સ્ટેનોગ્રાફરનો કોન્ટ્રાકટ રાખનાર સંસ્થાએ પાલન કરવાનું રહેશે.

## (B) કરાર અંગેનો સમય તથા કામગીરી અંગે :-

**(૧)** એઝન્સીનો ગુજરાતી/અંગ્રેજી સ્ટેનોગ્રાફર કામના કરારનો અજમાયશી સમયગાળો પ્રથમ બે માસ દરમ્યાનનો રહેશે ત્યારબાદ કામગીરી સંતોષકારક જણાયેથી કરાર નવ માસનો વધારવામાં આવશે અને તે મુજબ હાલના કરારનો સમયગાળો **૦૧-૦૨-૨૦૨૫ થી ૩૧-૦૧-૨૦૨૬** સુધી (અગિયાર માસ) અથવા ના.હાઇકોર્ટ દ્વારા કાયમી નિમણૂંક ન કરે ત્યાસુધીનો રહેશે, અને ત્યારબાદ પરસ્પર સહમતિથી વધુ અગિયાર માસ માટે કરાર લંબાવી શકાશે જે અંગેનો આખરી નિર્ણય મુખ્ય જિલ્લા ન્યાયાધિશ સાહેબશ્રી, જિલ્લા અદાલત, ભરૂચનાંઓનો રહેશે.

**(૨)** મંડળી/સંસ્થા સદરહું કામનો પેટા કોન્ટ્રાકટ અન્ય ઇજારદારને આપી શકશે નહી.

(3) કરારના સમય દરમ્યિાન કચેરીને વધારાના ગુજરાતી/અંગ્રેજી સ્ટેનોગ્રાફરની જરૂરીયાત હશે, તેવા કિસ્સામાં વધારાના ગુજરાતી/અંગ્રેજી સ્ટેનોગ્રાફર માટે પણ ટેન્ડરમાં જણાવ્યા મુજબની શરતો લાગુ પડશે. જો નિયત સમય મર્યાદામાં એજન્સીએ ગુજરાતી/અંગ્રેજી સ્ટેનોગ્રાફર પૂરા પાડવા અસમર્થ હશે તો કચેરીને અન્ય થી ગુજરાતી/અંગ્રેજી સ્ટેનોગ્રાફર મેળવવાની સત્તા રહેશે.

**(૪)** ટેકનીકલ બીડ અને પ્રાઇઝ બીડની તારીખમાં કોઇપણ જાતની આગોતરી જાણ કર્યા સીવાય તથા કારણ આપ્યા સીવાય ફેરફાર કરવાનો અધિકાર અત્રેની કચેરીને રહેશે.

## (C) એજેન્સીની આતંર માળખાકીય સુવિધાઓ તથા દેખરેખ :-

**(૧)** ગુજરાતી/અંગ્રેજી સ્ટેનોગ્રાફર તમામ લાયકાતો ધરાવતા હોય તે એજન્સીએ જોવાનુ રહેશે, કર્મચારીની વય મર્યાદા ૨૧ વર્ષથી ઓછી નહી અને ૩૫ વર્ષથી વધુ ન હોવી જોઇએ જે અંગેના પુરાવા જે તે કચેરીના સંબંધિત અધિકારીશ્રી સમક્ષ રજુ કરવાના રહેશે.

**(૨)** મંડળી/સંસ્થાએ જિલ્લા અદાલત, ભરૂચની તમામ સુચનાનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે અને વખતો વખત કામનું નિરીક્ષણ કરાવવાનું રહેશે.

**(૩)** મંડળી/સંસ્થાએ ગુજરાતી/અંગ્રેજી સ્ટેનોગ્રાફર ની કામગીરી દેખરેખ માટે સુપરવાઇઝર રોકવાના રહેશે જેની ચકાસણી નાઝર, જિલ્લા અદાલત, ભરૂચના પ્રતિનિધિ મારફતે કરાવવાની રહેશે. જે અંગે વધારાનુ વળતર મળવાપાત્ર રહેશે નહી.

**(૪)** એજન્સી દ્વારા પૂરા પાડવામાં આવનાર ગુજરાતી/અંગ્રેજી સ્ટેનોગ્રાફર દ્વારા તેમની અણઆવડત, બેદરકારી કે હેતુપૂર્વક તથા અન્ય કોઇ કારણસર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંસ્થાને નુકસાન થાય તો નુકસાન એજન્સી ભરપાઇ કરવા જવાબદાર રહેશે. ભોગવવાનું થતું તમામ નુકશાન એજન્સી ભરપાઇ કરવા બંધાયેલ છે.

**(૫)** દરેક ગુજરાતી/અંગ્રેજી સ્ટેનોગ્રાફરનો ઇતિહાસ (ચાલચલગત), અંગત વિગતો, વ્યકિતગત પોલીસ તપાસનો અહેવાલ તેમજ સંલગ્ન તમામ બાબતો એજન્સી દ્વારા સંપૂર્ણપણે ખરાઇ કર્યા બાદ જ એજન્સીએ ગુજરાતી/અંગ્રેજી સ્ટેનોગ્રાફર પૂરા પાડવાના રહેશે. સદરહું બાબતે જરૂર પડે ચકાસણી બાદ યોગ્ય જણાય તે વ્યકિત ગુજરાતી/અંગ્રેજી સ્ટેનોગ્રાફર ને કચેરીએ હાજર કરાશે.

**(૬)** કચેરી અને ગુજરાતી/અંગ્રેજી સ્ટેનોગ્રાફર વચ્ચે નોકરી અને તેની આનુષાંગિક કોઇપણ બાબતે જેવી કે માલિક અને નોકરના સંબંધ અથવા તો અન્ય કોઇ કાયદાકીય જવાબદારી રહેશે નહી.

**(૭) ન્યાયિક અધિકારીશ્રી દ્વારા સોપવામાં આવેલ કામગીરીની ઝડપથી પૂર્ણ કરવાની રહેશે. પેન્ડીંગ રહેલ કામ ઓફીસ સમય બાદ અથવા રજામાં પણ પૂર્ણ કરવાનુ રહેશે.**

**(૮)** ફાળવેલ ગુજરાતી/અંગ્રેજી સ્ટેનોગ્રાફરની ઉપલબ્ધિ ન હોય ત્યારે અન્ય કોઇ ગુજરાતી/અંગ્રેજી સ્ટેનોગ્રાફરની તાત્કાલીક તે જ દિવસે અને કચેરી સમયે વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવવા એજન્સી બંધાયેલ રહેશે.

**(૯)** કોઇપણ કારણસર મહિનામાં જેટલા દિવસો ગુજરાતી/અંગ્રેજી સ્ટેનોગ્રાફર ઉપલબ્ધ નહિ હોય તેટલા દિવસની રકમ એજન્સીના બીલ માંથી કપાત કરવામાં આવશે.

**(૧૦)** એજન્સીએ માસ અંતે પ તારીખ સુધીમાં જે તે કચેરીમાં બિલ રજૂ કરવાનું રહેશે.

**(૧૧)** ઉપર જણાવેલ શરતો સિવાય જાહેર હિત માટે જરૂર જણાય તેવી વધારાની શરતો લાગુ કરવામાં આવે તો એજન્સીએ તેનું પાલન કરવાનું રહેશે.

**(૧૨)** આઉટ સોર્સથી સેવામાં લેવામાં આવતા ગુજરાતી/અંગ્રેજી સ્ટેનોગ્રાફર કર્મચારીને દર મહિનાના ૧ થી પ તારીખ સુધીમાં પગાર ચૂકવવાનો રહેશે અને ચૂકવેલ પગારની સ્લીપ તથા પી.એફ એકાઉન્ટમાં જમા કરાવ્યાની સ્લીપ આઉટ સોર્સ ગુજરાતી/અંગ્રેજી સ્ટેનોગ્રાફરને ફરજીયાત આપવાની રહેશે તથા અન્ય જોગવાઇઓનુ પાલન કરવાનુ રહેશે.

**(૧૩)** એજન્સી દ્વારા આઉટસોર્સના ગુજરાતી/અંગ્રેજી સ્ટેનોગ્રાફરના પગાર ચૂકવણાની વિગતો કર્મચારીનુ પૂરુ નામ, સરનામુ, મોબાઇલ નંબર, કચેરી/શાખાનુ નામ, માસ દરમ્યાનની તેઓની હાજરી-ગેરહાજરી, માસના અંતે ચુકવેલ રકમ, બેંક ખાતા નંબર સહીત તથા અન્ય કપાતની વિગતોનુ રજીસ્ટર નિભાવવાનુ રહેશે. તેમજ પત્રક સ્વરૂપે દર માસે વહીવટી શાખા, જીલ્લા અદાલત, ભરૂચની શાખામાં રજુ કરવાના રહેશે. જે રજુ થયા બાદજ હિસાબી શાખા દ્વારા ખરાઇ થયેથી એજેન્સીના બીલોનુ ચુકવણુ કરવામાં આવશે.

**(૧૪)** સરકારશ્રીના ધારધોરણો મુજબ પી.એફની રકમ ગુજરાતી/અંગ્રેજી સ્ટેનોગ્રાફરના પી.એફ ખાતામાં તથા કર્મચારી વિમા અધિનિયમ -કર્મચારી વળતર અધિનિયમ નીચે વિમાની કપાયેલી રકમ સંબધીત હેડ લગત સરકારશ્રીમાં જમા કરવાની રહેશે અને બાકી રહેતી રકમના નાણા ઇ બેંકીગ/આર.ટી.જી.એસ. દ્વારા સીધા ગુજરાતી/અંગ્રેજી સ્ટેનોગ્રાફરના બેંકના ખાતામાં જમા કરવાના રહેશે. નિયમોનુસાર, જી.એસ.ટી સર્વિસ ટેક્ષ, તથા અન્ય તમામ કર/ઉપકરની લાગુ પડતી રકમ સરકારશ્રીના સબંધીત વિભાગ/ હેડ લગત જમા કર્યાની યાદી સહીત તમામ રકમો બેંકમાં જમા કર્યાની યાદી અને પી.એફમાં જમા કર્યાની કર્મચારી દિઠ પહોચ રજુ કર્યાથી બીજા મહીનાના બીલની ચુકવણી કરવામાં આવશે. આ રકમો જમા કર્યા સિવાય બીજા મહીનાનુ બીલ મંજુર કરવામાં આવશે નહી.

**(૧૫)** સરકારીશ્રી તર્ફે ભવિષ્યમાં વેતન કે ભથ્થામાં કોઇ વધારો / ઘટાડો થાય તો તે મુજબ ચૂકવણુ કરવા એજન્સી બધાયેલી રહેશે તથા તે મુજબ એજન્સીને બીલ રજુ કરવાનુ રહેશે.

**(૧૬)** એજન્સી દ્વારા આઉટસોર્સથી ગુજરાતી/અંગ્રેજી સ્ટેનોગ્રાફર પુરા પાડવાની બાબત અંગેના તમામ કાયદાઓના પાલનની જવાબદારી એજન્સીની રહેશે અને તે માટે સક્ષમ સત્તા/કચેરી કોઇ પણ સંજોગોમાં જવાબદાર રહેશે નહી. તે અંગે પૂર્વ પરવાનગી મેળવવાની રહેશે.

**(૧૭)** આ નિયત મહેનતાણામાં કોઇપણ પ્રકારના વધારા, ઇજાફા, મોઘંવારી ભથ્થુ, વચગાળાની રાહત કે પગાર ખર્ચના બીજા લાભો મળવાપાત્ર થશે નહી. પેન્શન, એલ.ટી.સી, રજાનુ રોકડમાં રૂપાતર, પેશગી, કે અન્ય કોઇ નાણાકીય લાભો મળવા પાત્ર રહેશ નહી.

**(૧૮)** એજન્સી તરફથી આઉટ સોર્સથી પુરા પાડેલ ગુજરાતી/અંગ્રેજી સ્ટેનોગ્રાફરની સેવા સંતોષકારક ન જણાય તો અથવા તેમની વિરુધ્ધમાં કોઇ ફરિયાદ કર્યેથી ત્વરીત તેઓની સેવા પૂર્ણ કરી અન્ય સક્ષમ સ્ટેનોગ્રાફર દિન-૧(એક)માં ફાળવી આપવાના રહેશે.

**(૧૯)** કોઇપણ સંજોગોમાં એજન્સી તરફથી આઉટ સોર્સમાં પુરા પાડેલ ગુજરાતી/અંગ્રેજી સ્ટેનોગ્રાફરને છુટા કરવા અથવા બદલવાના કીસ્સામાં અત્રેની કચેરીની પૂર્વ મંજુરી લેવાની રહેશે.

**(૨૦)** એજન્સીને કોઇ પણ પ્રકારની રકમની ચૂકવણી એડવાન્સ પેટે મળશે નહી.

**(૨૧)** જે તે કચેરીના ગ્રાન્ટની ઉપલબ્ધતાને ધ્યાને લઇ એજન્સીને બિલનુ ચુકવણુ કરવામાં આવશે. કચેરીમાં ગ્રાંટ ઉપલબ્ધ ન હોવાના સંજોગ માં એજન્સી કર્મચારીના પગારનું ચુકવણુ અટકાવી શકશે નહી. કચેરીમાં ગ્રાન્ટ ઉપલબ્ધ થયેથી એજેન્સીને ચૂકવણી કરવાની જવાબદારી જે તે કચેરીની રહેશે.

**(૨૨)** જો એજન્સી કરાર ચાલુ રાખવા ઇચ્છતી ન હોય તો તેણે ત્રણ માસની નોટીસ આપવી પડશે તે પરિસ્થિતીમાં તેની સિકયુરીટી ડિપોઝીટ જપ્ત કરવામાં આવશે.

**(૨૩)** **<u>જે સંસ્થા કે એજન્સી સાથે કોન્ટ્રાકટ નકકી કરવામાં આવશે તેની મુદત તારીખ સુધી અથવા અત્રેની કચેરી દ્રારા નવી ભરતી થયેથી નિયમિત ધોરણે ગુજરાતી/અંગ્રેજી સ્ટેનોગ્રાફરના કર્મચારી હાજર થાય ત્યા સુધી(બે માંથી જે વહેલુ થાય ત્યાં સુધી) તે કોન્ટ્રાકટ અમલમાં રહેશે.</u>**

**(૨૪)** આઉટ સોર્સ ગુજરાતી/અંગ્રેજી સ્ટેનોગ્રાફર ની સેવા અંગેનો આ કરાર એટલે કે કરારનામું બિન તબદીલીપાત્ર રહેશે. એજન્સી બીજી પેટા એજન્સીને રોકી શકશે નહી કે જિલ્લા ન્યાયાલય, ભરૂચના સક્ષમ અધિકારીશ્રીની પૂર્વમંજૂરી વગર કોઈ બીજી એજન્સીને કર્મચારીઓ/સેવકો પુરા પાડવાનું કામ તબદીલ કરી શકશે નહી અને આ કામગીરી માટે કરવામાં આવનાર કરારની અન્ય કોઈપણ બાબત બીજી કોઈપણ એજન્સીને તબદીલ કરી શકાશે નહી.

**(૨૫)** જો એજન્સી દ્રારા શરતો મુજબ કામગીરી કરવામાં નહિ આવે, તેમજ તે અંગે જરૂરી સુચનાઓ આપવા છતા તેનો અમલ કરવામાં નહિ આવે, તો તે અંગે કરાર રદ કરી પછીના ક્રમ માં આવતી એજન્સીને કરાર બધ્ધ કરવામાં આવશે અને તેના તફાવતના નાણા પ્રથમ એજન્સી પાસેથી વસૂલ કરવામાં આવશે.

**(૨૬)** ગુજરાતી/અંગ્રેજી સ્ટેનોગ્રાફરનાંઓ કામગીરીમાં ફરજ બજાવતા કોઇ ગુજરાતી/અંગ્રેજી સ્ટેનોગ્રાફરનાંઓનું કામગીરી દરમ્યાન મૃત્યુ/અકસ્માત કે ઇજા અથવા નુકશાન થાય, તેની સઘળી જવાબદારી એજન્સી/ઇજારદારની રહેશે અને આ અંગેના કોઇપણ જાતના વળતરની માંગણી સરકારશ્રી પાસે કરી શકશે નહી.

**(૨૭)** આઉટ સોર્સની કામગીરીની દર્શાવેલ તમામ શરતો એજન્સીને કબુલ અને મંજુર છે તે બાબતનુ કરારનામુ એજન્સીએ હુકમ મળ્યાની તારીખ થી દિન-૩માં રૂા ૫૦૦/-ના સ્ટેમ્પ પેપર પર કરી અત્રે ની કચેરીને રજુ કરવાનો રહેશે.

**(૨૮)** આઉટ સોર્સથી મેળવેલ ગુજરાતી/અંગ્રેજી સ્ટેનોગ્રાફર અને સરકારશ્રી વચ્ચે નોકરી અને આનુશાંગીક કોઇપણ બાબત જેવી કે, માલિક અને નોકરના સંબધ અથવા તો અન્ય કોઇ કાયદાકિય જવાબદારી રહેશે નહી. ઇન્ડસ્ટ્રીયલ ડિસ્પ્યુટ એકટ ૧૯૪૭ની કલમ -૧૦(૧) મુજબ પુન સ્થાપનનો દાવો સંબધીત કચેરી/સરકારશ્રી સામે થઇ શકશે નહી.

**(૨૯)** ટેન્ડરની કોઇ પણ શરતનો ભંગ થશે તો સક્ષમ અધિકારીશ્રીને યોગ્ય જણાય તે મુજબની રકમ સિકયોરીટી ડિપોઝીટ માંથી જપ્ત કરી શકશે તેમજ કોઇ પણ જાતની નોટીસ આપ્યા સિવાય કરાર રદ કરવામાં આવશે.

**(૩૦)** આ ઉપરાત આ કરારમાં કોઇપણ જોગવાઇ હોય તેમ છતા અસંતોષકારક કામગીરી અથવા કરારની શરતોના ભંગ બદલ કોઇ પણ કારણ દર્શાવ્યા સિવાય સક્ષમ સતા/કચેરી કોઇ પણ જાતની નોટીસ આપ્યા વગર કરાર નો અંત લાવી શકશે. આ રીતે રદ થયેલ કરાર ના બાકી સમયગાળાનુ કોઇ વળતર આપવામાં આવશે નહી.

**(૩૧)** કોઇપણ જાતના શરતી ટેન્ડર રદ થવાને પાત્ર ગણાશે. તેમજ કોઇપણ પ્રકારના વિવાદ અંગે ભરૂચ કોર્ટનુ કાર્યક્ષેત્ર રહેશે.

**(૩૨)** કરાર કરનાર કર્મચારીઓએ જીલ્લા અદાલત, ભરૂચ અને તાલુકા પૈકી કોઇ પણ કોર્ટ/કચેરીમાં અથવા એક થી વધુ કોર્ટ કે એક થી વધુ તાલુકામાં અત્રેની કચેરીના હુકમ મુજબ ફરજ બજાવવાની રહેશે.

**(૩૩)** સદર કોન્ટ્રાકટ અન્વયે નિયુકત થયેલ કર્મચારીની બદલી સંસ્થા કરી શકશે નહી. પંરતુ અત્રેની કચેરી દ્વારા જરૂરીયાત મુજબ બદલી અથવા કોર્ટની સોંપણી કરવામાં આવશે.

**(૩૪)** કોર્ટોના કેસો, દસ્તાવેજો, રેકર્ડ, કાગળો, વિગેરેની સુરક્ષા તથા ગોપનીયતા જળવાય તે માટેની એજન્સીએ બાહેંધરી આપવાની રહેશે અને સંબધીત કર્મચારી પાસેથી પણ લેખીતમાં બાહેંધરી લેવાની રહેશે. કોર્ટ-કચેરીને અયોગ્ય જણાતા કે તેની કામગીરી, સેવા,વર્તન વિગેરેથી અસંતોષ હોય તેવા માણસને બદલવાના રહેશે.

**(૩૫)** કરારના સમયગાળા દરમ્યાન એજન્સીના માલીકનું અવસાન થાય તો આ કરાર સમાપ્ત થયેલો ગણવામાં આવશે અને તેના કાયદેસરના વારસદારોને આ કરાર ઉપર કોઈ હકક/દાવો રહેશે નહી. આમ છતાં આ સંજોગોમાં એજન્સીના માલિકના કાયદેસરના વારસદારો કરારની બોલીઓ અને શરતો મુજબ નિયત ભાવોના ધોરણે જ આ કામગીરી ચાલુ રાખવા માંગશે તો ત્રણ માસ અથવા કરાર પુર્ણ થાય ત્યા સુધી જે સમય ઓછો હોય ત્યાં સુધી આ કામગીરી ચાલુ રાખી શકશે. આ સમય દરમ્યાન જિલ્લા અદાલત દ્વારા આ કામગીરી માટે નવી એજન્સી નક્કી કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

**(૩૬)** એજન્સીના અધિકૃત સ્ટાફ સિવાયના અન્ય કોઇ વ્યક્તિને કેમ્પસ/બ્લોકમાં પ્રવેશ કરવા દેવામાં આવશે નહી.

**(૩૭)** ગુજરાતી/અંગ્રેજી સ્ટેનોગ્રાફરની કામગીરી સાથે સંકળાયેલ કોઇ પણ ગુજરાતી/અંગ્રેજી સ્ટેનોગ્રાફર સરકારશ્રી સામે કોઇપણ પ્રકારનો દાવો કે હકક કરી શકશે નહી.

**(૩૮)** એજન્સીએ કરાર કરતાં પહેલા જરૂરી લાયસન્સો સક્ષમ સત્તાવાળાઓ પાસેથી મેળવી લેવાના રહેશે.

**(૩૯) આ ઉપરાત આ કરારમાં કોઇપણ જોગવાઇ હોય તેમ છતા મે.પ્રિન્સીપાલ ડિસ્ટ્રીક્ટ જજશ્રી, ભરૂચનાંઓ કોઇ પણ કારણ દર્શાવ્યા સિવાય કોઇ પણ જાતની નોટીસ આપ્યા વગર અને કોઇપણ સમયે સંપુર્ણ કરાર નો અંત લાવી શકશે તેમજ કરાર ના બાકી સમયગાળાનુ કોઇ વળતર આપવામાં આવશે નહી.**

**(૪૦)** ટેન્ડર ભરનાર એજન્સી/સંસ્થાના કર્મચારીનો પૂર્વ ઇતિહાસ સ્વચ્છ છે અને પોલીસ-કોર્ટ રેકર્ડ પર કેસ નથી તેનુ એફીડેવીટ ટેન્ડર મંજુર થનાર એજન્સી રજુ કરવાનુ રહેશે.

**(૪૧)** એજન્સીના કર્મચારી ગેરરીતિ કરતા પકડાશે તો તેમને તાત્કાલીક અસરથી કામગીરી માંથી દુર કરવાના રહેશે તથા તેમના બદલામાં એજન્સીએ બીજા કર્મચારી પૂરા પાડવાના રહેશે અને આવા ગેરરીતી કરતા કર્મચારીઓને ફરીથી કામગીરી માટે બોલાવવાના રહેશે નહી.

**(૪૨)** એજન્સી દ્વારા GeM પોર્ટલ પર ટેન્ડર પ્રક્રિયા દરમ્યાન અપલોડ કરેલ અસલ દસ્તાવેજો અત્રેની કચેરી દ્વારા જયારે પણ રજુ કરવા જણાવવામાં આવે ત્યારે રજુ કરવાના રહેશે.

## (D) ગુજરાતી/અંગ્રેજી સ્ટેનોગ્રાફર ના કામગીરીની વિગત તથા સ્પષ્ટતાઃ-

**(૧)** ગુજરાતી/અંગ્રેજી સ્ટેનોગ્રાફર ની શૈક્ષણીક લાયકાત ઓછા માં ઓછી સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત કરેલ યુર્નીવર્સીટી માંથી સ્નાતક અથવા તેમના સમકક્ષ હોવા જોઇએ, કોમ્પ્યુટરનુ સામાન્ય જ્ઞાન હોવુ જોઇએ. તથા G.C.C મુજબનુ ટાઇપીંગનુ સર્ટીફીકેટ તથા G.C.C. શોટ હેન્ડ (લઘુ લીપી) નુ સર્ટીફીકેટ રજુ કરવાનુ રહેશે.

**(૨)** કર્મચારીને અંગ્રેજી, ગુજરાતી તથા હિન્દી ભાષાનુ પૂરતુ જ્ઞાન હોવુ જોઇએ.

**(3)** એજન્સી/ઇજારદારે કે તેમના કોઇ કર્મચારીઓએ કોર્ટની પ્રિમાઇસીસને નુકશાન પહોંચાડયું હશે તો તે એજન્સી/ઇજારદારે ભરપાઇ કરી આપવાનું રહેશે અને તે બાબતે મુખ્ય જિલ્લા ન્યાયાધિશશ્રી, ભરૂચનાંઓએ કરેલ નિર્ણય આખરી રહેશે.

**(૪)** એજન્સી/ઇજારદારે તરફથી રોકવામા આવતા ગુજરાતી/અંગ્રેજી સ્ટેનોગ્રાફર માટે જરૂરી પ્રોવિડન્ડ ફંડના નાણાં એજન્સી/ઇજારદાર તરફથી કર્મચારીના પી.એફ ખાતામાં જમા કરાવવાના રહેશે તથા તે અંગેનું રજીસ્ટર નિભાવવામાં આવે છે, તેવી બાંહેધરી એજન્સી/ઇજારદારે આપવાની રહેશે તથા પ્રોવિડન્ટ ફંડ અને ઇ.એસ.આઇ. વિગરે અંગે વધારાના કોઇ નાંણા સરકારશ્રી પાસે એજન્સી/ઇજારદારે માંગશે નહી, તેવી બાંહેધરી મંડળી/સંસ્થાએ આપવાની રહેશે. તેમજ પ્રોવિડન્ડ ફંડ અને ઇ.એસ.આઇ. વિગેરે નિયમ મુજબની કપાત અંગેની રસીદ સંસ્થા દ્વારા દર મહિનાના બીલની સાથે અત્રેની કચેરીએ જમા કરાવવાની રહેશે.

**(૫)** કચેરીમાં સવારે ૧૦.૩૦ થી સાંજના ૬.૧૦ કલાક સુધી ફરજ બજાવવાની રહેશે. સદર સમયમાં કચેરીની અનુકુળતા મુજબ ફેરફારને આધીન રહેશે.

**(૬)** નિયુકત કર્મચારીઓએ કામકાજનાં દીવસોમાં સવારે ૧૦:૩૦ કલાકે તેમની ફરજ ઉપર હાજર થવાનુ રહેશે. જાહેર રજાના દિવસે અત્રેની કચેરીની સુચના મુજબ ફરજ બજાવવાની રહેશે. જાહેર રજાના દિવસે તથા રજાના દિવસ સિવાય કચેરી સમય પહેલા અથવા કચેરી સમયબાદ વધારાના સમય માટે કામગીરી કરવામાં આવેલ હોય તો નિયમનુસાર ઓવરટાઇમ મળવાપાત્ર રહેશે.

**(૭)** કર્મચારી સંસ્થાની પૂર્વ મંજુરી વગર રજા ઉપર જઇ શકશે નહી.

**(૮) કરારના સમય દરમ્યિાન કચેરીને વધારાના ગુજરાતી/અંગ્રેજી સ્ટેનોગ્રાફરની જરૂરીયાત હશે, તેવા કિસ્સામાં વધારાના ગુજરાતી/અંગ્રેજી સ્ટેનોગ્રાફર માટે પણ ટેન્ડરમાં જણાવ્યા મુજબની શરતો અને બોલીઓ લાગુ પડશે. જો નિયત સમય મર્યાદામાં એજન્સીએ ગુજરાતી/અંગ્રેજી સ્ટેનોગ્રાફર પૂરા પાડવા અસમર્થ હશે તો કચેરીને અન્ય એજન્સી પાસે થી ગુજરાતી/અંગ્રેજી સ્ટેનોગ્રાફર મેળવવાની સત્તા રહેશે.**

**(૯)** જરૂર પડે આકસ્મિક કાર્ય/સેવા માટે વધુ સમય કે વધુ માણસો એજન્સીએ પુરા પાડવા પડશે અને તે અંગેની જવાબદારી એજન્સીની રહેશે અને તે અંગેનુ નિયમ મુજબ વધારાનુ મહેનતાણુ (ગુજરાત સરકારના કમિશ્નર ઓફ લેબર દ્વારા બહાર પાડવામાં આવેલ પરિપત્ર નંબર- No. SHR.AA.6 / TE.3 / 199 / 2023, તા૦૧/૦૪/૨૦૨૩ની કલમ ૬ મુજબ) આપવાનુ રહેશે. જે અંગેનુ બીલ જે તે મહીનાના બીલમાં આકારવાનુ રહેશે.

**(૧૦)** વ્યકિતઓની ગેરહાજરી દરમ્યાન બીજી વૈકલ્પિક વ્યવસ્થા વિગેરે કામકાજ માટે એજન્સીએ એક અધિકૃત પ્રતિનિધિ નીમવાનો રહેશે. આ પ્રતિનિધિએ એજન્સીના કર્મચારી/સેવકોને લગતી સઘળી વ્યવસ્થા એજન્સી તરીકે કરવાની રહેશે. એજન્સીએ પ્રતિનિધિનું નામ સરનામું, સંપર્ક નંબર જિલ્લા ન્યાયાલય, ભરૂચને આપવાના રહેશે.

**(૧૧)** એજન્સી/ઇજારદાર પુરા પાડવા અંગેના તમામ કાયદાઓના પાલનની જવાબદારી એજન્સીની રહેશે અને તે માટે જિલ્લા ન્યાયાલય, ભરૂચ કોઈપણ સંજોગોમાં જવાબદાર રહેશે નહી અને આ માટે મુકવામાં આવેલા કર્મચારીને સંબંધિત કાયદા અને નિયમોની જોગવાઈ અનુસાર વેતન ચુકવવાની સંપુર્ણ જવાબદારી એજન્સીની રહેશે.

**(૧૨)** એજન્સીએ પ્રતિ દિન લેબર રીપોર્ટ, જે સુપરવાઈઝરને આ કામ માટે એજન્સીએ નિમેલ હોય તેની સહી સાથે, રજૂ કરવાનો રહેશે.

**(૧૩)** મે.મુખ્ય જીલ્લા ન્યાયાધિશ સાહેબશ્રી અથવા તેઓ દ્વારા નિમણૂક કરાયેલ અન્ય અધિકારીશ્રી દ્વારા ઉપરોકત શરતોનુ પાલન થાય છે કે કેમ ? તેનુ નિરીક્ષણ કરવામાં આવશે અને આવા નિરીક્ષણ બાદ તેઓ દ્વારા આપવામાં આવેલ સૂચનાનુ પાલન સંસ્થાએ કરવાનુ રહેશે.

**(૧૪) ગુજરાતી સ્ટેનોગ્રાફર માટે ઉમેદવાર ગુજરાતી લઘુલેખન ની ૭૫ w.p.m શબ્દ ઝડપ અને ગુજરાતી ટાઇપીંગની આવડત ધરાવતા હોવા જોઇએ.**

**(૧૫) અંગ્રેજી સ્ટેનોગ્રાફર માટે ઉમેદવાર અંગ્રેજી લઘુલેખન ની ૧૦૦ w.p.m શબ્દ ઝડપ અને અંગ્રેજી ટાઇપીંગની આવડત ધરાવતા હોવા જોઇએ.**

**(૧૬)** કર્મચારીએ ન્યાયતંત્રની ગરીમા જાળવવાની રહેશે અને તેઓએ કામગીરી સોંપવામાં આવે તેની ગુણવતા તથા ગોપનીયતા જાળવવાની રહેશે.

## (E) કરાર રદ કરવા તથા કબજો સોંપવા બાબતેઃ-

**(૧)** એજન્સી/ઇજારદારના માણસો દ્રારા રહેવા કે જમવા માટેની કોઇ જ વ્યવસ્થા કોર્ટ બિલ્ડીંગમાં કે પ્રિમાઇસીસમાં કરી શકશે નહી.

**(૨)** એજન્સી/ઇજારદારે તેમની સાથેનો કરાર સમય પુર્ણ થયા બાદ સરકારી મિલ્કત ખાલી કરવાની રહેશે.

**(3)** એજન્સી/ઇજારદારએ સરકારશ્રીના લાગુ પડતા ટેક્ષ નિયમાનુસાર ભરવા પડશે.

**(૪)** એજન્સી/ઇજારદાર મારફતે કોઇ કોર્ટ કંમ્પાઉન્ડમાં કોઇપણ પ્રકારનું કાયમી બાંધકામ કરી શકશે નહી.

**(૫)** એજન્સી/ઇજારદારને જિલ્લા અદાલત, ભરૂચના પક્ષે (૨)બે માસની નોટીસ આપીને કરાર રદ કરી શકાશે.

**(૬)** ગુજરાતી અને અંગ્રેજી સ્ટેનોગ્રાફર કામગીરી અંગે કોઇ પણ વિવાદ ઉભો થશે તો મુખ્ય જિલ્લા ન્યાયાધિશશ્રી ભરૂચનો નિર્ણય આખરી ગણાશે.

**(૭)** દર માસના પ્રથમ અઠવાડીયામાં અગાઉના માસનું થયેલ કામનું બીલ રજુ કરવાનું રહેશે.

**(૮)** કરાર થયા બાદ કરાર બાબતે એજન્સી તથા અત્રેની કચેરી વચ્ચે કોઇ બાબતે મતભેદ થાય તો સદરહુ મતભેદ આર્બીટ્રિટર(મધ્યસ્થી) સમક્ષ રજુ કરવામાં આવશે અને તેનો નિર્ણય બંને પક્ષકારોને માન્ય કરવાનો રહેશે.

## ***જીલ્લા અદાલત, ભરૂચ તથા ભરૂચ જીલ્લાની તાલુકા કોર્ટમાં કુલ - ૨૦ (ગુજરાતી - ૦૮) અને અંગ્રેજી - ૧૨) હંગામી સ્ટેનોગ્રાફરની સેવા તારીખ :- ૦૧/૦૨/૨૦૨૫ થી તારીખ :- ૩૧/૦૧/૨૦૨૬ સુધી ૧૧ (અગિયાર) માસ અથવા ના.હાઇકોર્ટ દ્વારા કાયમી નિમણૂંક ન કરે ત્યા સુધી (બે માંથી જે વહેલા હોય તે) પુરી પાડવા અંગેની પૂર્વ લાયકાતો***

**૧.** ટેન્ડર ભરનાર એજન્સી/સંસ્થાનું છેલ્લા ત્રણ નાણાકીય વર્ષનું સરેરાશ વાર્ષિક ટર્ન ઓવર ૭૦ લાખ કે તેથી વધુ હોવું જોઇએ. આ માટે છેલ્લા ત્રણ વર્ષના **(વર્ષ ૨૦૨૧-૨૦૨૨, વર્ષ ૨૦૨૨-૨૦૨૩, વર્ષ ૨૦૨૩-૨૦૨૪)** ઓડીટેડ ઇન્કમ સ્ટેટમેન્ટ ઓનલાઇન અપલોડ કરવાના રહેશે.

**૨.** ટેન્ડર ભરનાર એજન્સી/સંસ્થાએ છેલ્લા ત્રણ નાણાકીય વર્ષના **(વર્ષ ૨૦૨૧-૨૦૨૨, વર્ષ ૨૦૨૨-૨૦૨૩, વર્ષ ૨૦૨૩-૨૦૨૪)** ઇન્કમ ટેક્ષ રીટર્ન ઓનલાઇન અપલોડ કરવાના રહેશે.

**૩.** ટેન્ડર ભરનાર એજન્સી/સંસ્થાએ રૂા.૭ લાખ કે તેથી વધુ રકમનું સોલવંશી સર્ટીફીકેટ ઓનલાઇન અપલોડ કરવાની રહેશે. સોલવંશી સર્ટીફીકેટ એક વર્ષથી વધારે જુનું ન હોવું જોઇએ.

**૪.** ટેન્ડર ભરનાર એજન્સી/સંસ્થાએ છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં **(વર્ષ ૨૦૨૧-૨૦૨૨, વર્ષ ૨૦૨૨-૨૦૨૩, વર્ષ ૨૦૨૩-૨૦૨૪)** ઓછામાં ઓછા ત્રણ કચેરી સુવીધા વ્યવસ્થાપનના વાર્ષિક રૂા.૭૦ લાખ કે તેથી વધુના કામ સંતોષકારક રીતે પુર્ણ કરેલ હોવા જોઇએ. જે અંગેના સર્ટીફીકેટ ઓનલાઇન અપલોડ કરવાનુ રહેશે.

**૫.** ટેન્ડર ભરનાર એજન્સી/સંસ્થાની હેડ ઓફીસ ગુજરાતમાં હોવી જોઇએ જે માટે સંસ્થા નોંધણીનુ સર્ટીફીકેટ અપલોડ કરવાનુ રહેશે અને ઓફીસ ભરૂચ માં હશે તેવી સંસ્થાને કમીટીને યોગ્ય લાગશે તો પ્રાથમીકતા આપી શકાશે.

**૬.** ટેન્ડર ભરનાર એજન્સી/સંસ્થાનો કોર્ટ/કચેરીમાં કામગીરી અંગેનો અનુભવ હશે તેવી સંસ્થાને કમીટીને યોગ્ય લાગશે તો પ્રાથમીકતા આપી શકાશે.

**૭.** ટેન્ડર ભરનાર એજન્સી/સંસ્થાનો પૂર્વ ઇતિહાસ સ્વચ્છ છે, નાણાંકીય સંસ્થાના ડિફોલ્ટર નથી અને પોલીસ-કોર્ટ રેકર્ડ પર કેસ નથી તેનું બાંહેધરી પત્ર એફીડેવીટ કરી ઓનલાઇન અપલોડ કરવાનુ રહેશે.

**૮.** ટેન્ડર ભરનાર એજન્સી/સંસ્થા પાસે નીચે જણાવેલ સર્ટીફીકેટ હોવા જોઇએ જે ટેકનીકલ બીડના કવરમાં મોકલવાના રહેશે.

- **(A) પેઢીનું નોંધણી સર્ટીફીકેટ (Firm Registration Certificate)**
- **(B) પ્રોફેશનલ ટેક્ષ રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ**

**(C) GST Registration Certificate**
**(D) પ્રોવિડન્ટ ફંડ તથા ઇએસઆઇ સર્ટીફીકેટ.**
**(E) આવક વેરા રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ.**
**(F) નાણાંકીય સંસ્થા ડીફોલ્ટર નથી અને પોલીસ-કેસ રેકર્ડ પર નથી તે બાંહેધરી-પત્ર.**
**(G) માન્ય શ્રમ લાયસન્સ (Valid labour license)**
**(H) શ્રમ કલ્યાણ બોર્ડ નોંધણી (Labour welfare board registration)**
**(I) જી.એસ.ટી કલીયરન્સ સર્ટીફીકેટ**
**(J) સંસ્થાની પાન કાર્ડની કોપી**

**નોંધઃ-**

**૧.** ઉપરોકત વિગતોની ફોટો નકલ/સંદર્ભપત્ર/સક્ષમ સત્તાના પ્રમાણપત્ર અચુક ઓનલાઇન અપલોડ કરવા. જે વિના ટેન્ડર વિચારણામાં લેવાશે નહી.

**૨.** GeM પોર્ટલ પર કોઇ પણ ટેકનીકલ ક્ષતિ હોય તો તે અંગેની જવાબદારી અત્રેની કચેરીની રહેશે નહી અને તે બાબતે કોઇ રજુઆત સાંભળવામાં આવશે નહી.

**૩.** ટેન્ડર ભરનાર એજન્સીએ પોતાના દસ્તાવેજોનુ ચેક લીસ્ટ (ફોર્મ-એ, બી અને સી) તૈયાર કરી GeM પોર્ટલ પર અચૂક અપલોડ કરવાનુ રહેશે. જો ચેક લીસ્ટમાં બીડ પ્રમાણેની માહીતી રજુ કરવામાં આવેલ ન હોય તો તે સંસ્થાને ડિસ્કવૉલીફાઇ કરવામાં આવશે જેની નોંધ લેવી.

DISTRICT & SESSIONS COURT * BHARUCH * सत्यमेव जयते

# ફોર્મ -એ

| ક્રમ | વિગત | Yes/No | વિગત |
|---|---|---|---|
| ૧ | એજન્સીનુંનામ | | |
| | સરનામું | | |
| | કોન્ટેકનંબર | | |
| ૨ | અર્નેસ્ટ મની ડીપોઝીટ<br>(ડિમાન્ડ ડ્રાફ્ટ) | | નંબર..........<br>તારીખ........<br>રકમ.........<br>બેંકનુ નામ.......... શાખા......... |
| ૩ | પેઢીનું નોંધણી સર્ટીફીકેટ (Firm Registration Certificate) | | |
| ૪ | પ્રોફેશનલ ટેક્ષ રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ | | |
| ૫ | GST Registration Certificate | | |
| ૬ | પ્રોવિડન્ટ ફંડ તથા ઇએસઆઇ સર્ટીફીકેટ | | |
| ૭ | આવક વેરા રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ. | | |
| ૮ | નાણાંકીય સંસ્થાના ડીફોલ્ટર નથી અને પોલીસ-કોર્ટ રેકર્ડ પર કેસ નથી તેનું બાંહેધરી પત્ર. | | |
| ૯ | માન્ય શ્રમ લાયસન્સ (Valid labour license) | | |
| ૧૦ | શ્રમ કલ્યાણ બોર્ડ નોંધણી<br>(Labour welfare board registration) | | |
| ૧૧ | જી.એસ.ટી કલીયરન્સ સર્ટીફીકેટ | | |

| | | | |
|---|---|---|---|
| ૧૨ | સંસ્થાની પાન કાર્ડની કોપી | | |
| ૧૩ | સોલંવશી સર્ટીફીકેટ | | |
| ૧૪ | છેલ્લા ૩ નાણાકીય વર્ષના ઓડીટેડ ઇન્કમ સર્ટીફીકેટ (વાર્ષિક રૂા.૭૦ લાખકે તેથી વધુ ) | | |
| ૧૫ | છેલ્લા ૩ નાણાકીય વર્ષના ઇન્કમટેક્ષ રીર્ટન (વાર્ષિક રૂા.૭૦ લાખકે તેથી વધુ ) | | |
| ૧૬ | અનુભવના સર્ટીફીકેટ | | |
| ૧૭ | પૂર્વઇતિહાસસ્વચ્છછે? નાણાંકીયસંસ્થાનાડિફોલ્ટરનથીઅનેપોલીસ-કોર્ટરેકર્ડપરકેસનથીતેનુંબાંહેધરીપત્રછે? બાંહેધરીપત્રઆપવું. | | |

**નોંધ- સંસ્થા દ્વારા ઉપરોકત જણાવેલ માહીતી મુજબના દસ્તાવેજીની ખરી/સ્વપ્રમાણીત નકલ GeM Protal પર અપલોડ કરવાના રહેશે.**

DISTRICT COURT * BHARUCH * सत्यमेव जयते

# <u>(ફોર્મ -બી)</u>

## <u>સંસ્થાના લેટર પેડ પર</u>

**<u>પ્રેષક</u>**:- સંદર્ભ-
તારીખ-

પ્રતિ,
મે. મુખ્ય જીલ્લા ન્યાયાધિશ સાહેબશ્રી,
જીલ્લા અદાલત,
ભરૂચ-૩૯૨૦૦૧.

**વિષય- ટેન્ડર નંબર-૩/૨૦૨૪-૨૫ માટે ઇ.એમ.ડીની રકમ જમા કરવા બાબતે.**

મેહ.સાહેબશ્રી,

સવિનય સહ ઉપરોકત વિષય અને ટેન્ડરની શરતો અને બોલીઓ મુજબ જણાવવાનુ કે, અમો ડી.ડી નંબર-...................., તા.-..................., ...................., .................... (બેક નુ નામ અને શાખા)નો રૂા.....................નો ડિમાન્ડ ડ્રાફટ આ સાથે સામેલ રાખેલ છે જે સ્વીકારી લેવા વિનંતી.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

(નામ અને સહી)

# <u>ફોર્મ - સી</u>

## <u>ગુજરાતી/અંગ્રેજી સ્ટેનોગ્રાફરની સેવા પૂરી પાડેલ હોય તેવા અનુભવની માહીતી દર્શાવતુ પત્રક</u>

| સી. નં | સંસ્થાનુ નામ | ફાળવેલ ગુજરાતી/અંગ્રેજી સ્ટેનોગ્રાફરની સંખ્યા | વાર્ષિક કોન્ટ્રાકટ ની રકમ | કોન્ટ્રાકટના શરૂઆતની તારીખ | કોન્ટ્રાકટ પૂર્ણ થયાની તારીખ | કોન્ટ્રાકટના કુલ મહીના |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |

सत्यमेव जयते
BHARUCH